**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨/૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૯ કેસ કરી ૧૧૮ વ્યક્તિઓને ઝડપી ૭૫ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ :** **સમાચાર યાદી નં.૦૯/૧૫**

**સરદારનગર** : સેંગરભાઇ દુરયસ્વામી ગવન્ડર (રહે.તા.મહેગાવ, જી.ભીંડ મધ્યપ્રદેશ) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી ૪૦૭ ગાડીના ડ્રાઇવર રમણગોવિંદ કેશવસિંહ ભદોરીયા (રહે. તા.મહેગાવ, જી.ભીંડ મધ્યપ્રદેશ) એ તા.૩૧/૧૨/૧૪ સવારનાં ૭/30 થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન એરપોર્ટથી ગોમતીપુર વચ્ચે ૪૦૭ ગાડીમાં લોડ કરેલ બ્લ્યુ ડાર્ટ કંપનીના કેનવાસ બેગો અને કિંમતી દાગીનાનાં કાર્ટુનો કિંમત રૂપિયા ૭,૯૯,૩૪૮/- મતાના સગેવગે કરી ૪૦૭ ગાડી રસ્તામાં મુકી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**ઉચાપતની ફરીયાદ :** **સમાચાર યાદી નં.૧૦/૧૫**

**સાબરમતી** : સુમીત ઓમપ્રકાશ (રહે.સંસ્કૃતિ રેસીડેન્સી, કાળીગામ, સાબરમતી) એ તા.૧/૧/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૮/૧૩ થી તા.૨૪/૧૧/૧૪ સુધીનાં સમયગાળા દરમ્યાન સાબરમતી કાળીગામ ખાતે આવેલ ભારતીય ખાધ નીગમ (એફ.સી.આઇ.) નાં ગોડાઉનમાં ફરજ બજાવતાં બળદેવભાઇ ભગાભાઇ પરમાર અને રામજીભાઇ મનજીભાઇ તેજોતએ ભેગા મળી સરકારી ગોડાઉનમાંથી ઘંઉની બોરી નંગ-૧૭૩૯ કિંમત રૂપિયા ૧૮,૪૬,૬૮૮/- ની ઉચાપત કરી સગેવગે કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧/૧૫**

**મેઘાણીનગરઃ** ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કલાપીનગર ઉમિયાનગર ચમનપુરા મેઘાણીનગર) એ તા.૧/૧/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૨/૧૪ રાતના ૧૦/30 થી તા.૩૧/૧૨/૧૪ રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા, ઘડીયાળ અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૮૪,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે એ ભગોરા ચલાવે છે.

**પતંગ ચગાવતા ધાબા પરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨/૧૫**

**ગાયકવાડ હવેલીઃ** સમીર ઈરફાન રજાઈવાલા (ઉ.વ.૧૫)(રહે.મસ્તકીબાગ કાજીનુ ધાબુ આસ્ટોડીયા ચકલા) તા.૩૧/૧૨/૧૪ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે ઘરના ધાબા ઉપર પતંગ ચગાવતા ધાબા ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૧૫ તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરીટકુમાર ધુળાજી ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૩/૧૫**

**ઓઢવ :** રાજેશભાઇ કૈલાસભાઇ ગુપ્તા (રહે, નેહલપાર્ક, આદિનાથનગર, ઓઢવ) એ તા.૩૧/૧૨/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે મહેશ્વરી સોસાયટી, સહયોગ હાઇસ્કુલ સામે પોતાની ટ્રક નંબર જીજે.૧.સી.વી.૪૯૩૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી જેની ચોરી તા.૧/૧/૧૫ સવારનાં ૬/૦૦ દરમ્યાન થઇ હતી.આ અંગેની ફરીયાદ રાજેશભાઇ ગુપ્તાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪/૧૫**

**ચાંદખેડાઃ** માંગીલાલ ભીમરાજ મીણા (રહે. સપલ વિધાન સોસાયટીની અંદર ગોતા હાઉસીંગ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૪ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે માંગીલાલના કાકા વક્તાભાઈ પાલીયાજી મીણા (ઉ.વ.30) એસ જી હાઈવે ટેલીફોન ટ્રેનીંગ સેન્ટર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન બેદરકારીથી અને પુરઝડપે ચલાવી ટક્કર મારતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

**ઈસનપુરઃ** જયંતિભાઈ ભવાનભાઈ ચૌહાણ (રહે. એકતા એપાર્ટમેન્ટ લાલ બંગલા પાસે હાટકેશ્વર સર્કલની નજીક અમરાઈવાડી) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧/૧૫ કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાનો પુત્ર કૌશિક ઈસનપુર મુકેશ ઈન્ડસ્ટ્રીઝ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે પેશન મોટર સાયકલ નંબર જીજે ૨૭ એજી ૫૦૨૯ ના ચાલક પંકજભાઈ લખનસિંગ કુશવાહ (રહે.વેરાહીનગર બાપાસિતારામ મંદિર પાછળ વટવા) એ મોટર સાયકલ બેદરકારીથી અને પુરઝડપે ચલાવી ટક્કર મારતા કૌશિકને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દેવદત્તસિહ કસળસિહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૫/૧૫**

**ઓઢવ :** રેખાબહેન રમેશભાઈ કટારા (ઉ.વ.૪૦)(રહે.નિકોલ ગામ, ઓઢવ) તા.૨૭/૧૨/૧૪ નારોજ પોતાના ઘરે સુતા હતા દરમ્યાન કેરોસીન ભરેલ દિવો પોતાની ઉપર પડતાં શરીરે દાઝી ગયા હતા. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧/૧/૧૫ કલાક ૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬/૧૫**

**શહેરકોટડાઃ** નીતીનભાઈ દશરથભાઈ ઠાકોર (ઉ.વ.૩૦) (રહે.જાલમપુરીની ચાલી સરસપુર) એ માનસીક બિમારીના કારણે તા.૧/૧/૧૫ કલાક ૯/૨૦ વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર એસ ડામોર ચલાવે છે.

**મેઘાણીનગરઃ** વિકાસ ઉર્ફે કાળુ સુખદેવભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૧) (રહે.ચમનપુરા મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.૧/૧/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે પંખાના હુકામાં લુંગી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકકુમાર શ્રીકૃષ્ણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.